Exhibit - 30 ORDER

// આંક-૩૦ લગત હુકમ //

(૧) અરજી વંચાણે લીધી તથા અરજી અંગે આરોપીના વિદ્વાન વકીલ શ્રીને સાંભળ્યા અને કેસનું રેકર્ડ વંચાણે લીધું. આ કામના આરોપીએ ફરીયાદીની ઉલટતપાસ કરવા માટેનો હક્ક ખોલી આપવા માટે હાલની અરજી રજુ કરેલ છે. સબબ કામે કેસનું રેકર્ડ વંચાણે લેતા આરોપીને ફરીયાદીની ઉલટતપાસ કરવા માટે પુરતી તકો આપવામાં આવેલ હોવા છતાં આરોપી અગર તો તેમના વિદ્વાન વકીલ શ્રી દ્વારા ફરીયાદીની ઉલટતપાસ કરવામાં ન આવતા તેમનો ઉલટતપાસનો હક્ક બંધ કરવામાં આવેલ. ત્યારબાદ આરોપી દ્વારા તા.૦૧/૧૨/૨૦૨૫ ના રોજ આંક-૧૪ થી ઉલટતપાસનો હક્ક ઓપન કરવા માટે અરજી આપેલ જે અરજી ન્યાયના વિશાળ હિતમાં મંજુર કરવામાં આવેલ. ત્યારબાદ તા.૧૦/૦૨/૨૦૨૬ ના રોજ આરોપીના વિદ્વાન વકીલ શ્રી દ્વારા ફરીયાદીની ઉલટતપાસ શરૂ કરવામાં આવેલ અને કોર્ટ સમય પૂર્ણ થતા સબબ કામ ફરીયાદીની વધુ ઉલટતપાસ માટે તા.૧૧/૦૨/૨૦૨૬ ના રોજ રાખવામાં આવેલ. તેમ છતાં તા.૧૧/૦૨/૨૦૨૬ ના રોજ ફરીયાદી ઉલટતપાસ માટે કોર્ટ સમક્ષ હાજર હોવા છતાં આરોપીના વિદ્વાન વકીલ શ્રી દ્વારા ફરીયાદીની ઉલટતપાસ માટે ફરીથી મુદત અરજી આપવામાં આવેલ જે મુદત અરજીમાં જણાવેલ કારણ યોગ્ય અને સંતોષકારક ન જણાતા આરોપી તર્ફે રજુ કરવામાં આવેલ મુદત અરજી કોર્ટ દ્વારા નામંજૂર કરવામાં આવતા અને આરોપીનો ઉલટતપાસ કરવાનો હક્ક બંધ કરવામાં આવતા આરોપીના વિદ્વાન વકીલ શ્રી એ હાલની અરજી કરેલ છે.

(૨)  સબબ કામે કેસના સંજોગો અને હકીકતો ધ્યાને લેતા તથા કુદરતી ન્યાયના સિદ્ધાંતને ધ્યાને લેતા ન્યાયના વિશાળ હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

// હુકમ //

⇒ આરોપીની હાલની અરજી મંજુર કરવામાં આવે છે.

⇒ આરોપીએ હાલની ફરીયાદવાળા ચેકમાં જણાવેલ રકમની ૨૦% રકમ દિન-૭ માં કોર્ટમાં જમા કરાવ્યેથી આરોપીનો ફરીયાદીની ઉલટતપાસ કરવાનો હક્ક રી-ઓપન કરવાનો હુકમ કરવામાં આવે છે.

⇒ જો આરોપી ફરીયાદવાળા ચેકમાં જણાવેલ રકમની ૨૦% રકમ દીન-૭ માં કોર્ટમાં જમા કરાવવામાં કસુર કરે તો આરોપીનો ઉલટતપાસનો હક્ક બંધ કરવાનો આથી હુકમ કરવામાં આવે છે.

તારીખ:૧૨/૦૨/૨૦૨૬
અમદાવાદ.

Digitally signed by
CHAITANYAKUMAR GOPALDAS DESAI (GJ01211)
on 12/02/2026 16:32:31 IST.

(ચૈતન્યકુમાર ગોપાલદાસ દેસાઈ)
પ્રીસાઈડીંગ ઓફીસર
SARAS N.I. Court No.1
CJM Courts, Ahmedabad City
Code No. GJ 01211